અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરને વર્ષ ૨૦૨૧-૨૨માં સીધા ધિરાણ યોજના હેઠળ ફાળવેલ રૂ.૫૦૦.૦૦ લાખની યોજનાઓને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવન/૧૧૨૦૨૧/૨૪૪૦૦૦/જ.
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૨/03/૨૦૨૨.

<u>વંચાણમાં લીધા:-</u>

1. વિભાગનો તા:૨૪/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:સકવ/૧૦૨૦૨૧/૧૯૮૩૮૫/ગ
2. વિભાગનો તા:૦૮/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફા.)/જ
3. નાણાં વિભાગનો તા:૧૮/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક:જનવ/૧૦/૨૦૧૯/૪૭૪/અ.
4. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:30/0૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક:ડૉ.આઅંવિનિ/૨૦૨૧/૨૬૧/વહીવટ/૧૬૨૭-૨૮
5. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:૧૮/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક:ડૉ.આઅંવિનિ/૧૮૪/પ્રોજેક્ટ/૨૦૨૨/૧૪૪૪

**આમુખ:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા:૨૪/૦૫/૨૦૨૧ના ઠરાવથી આ વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ ૨૦૨૧-૨૨માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે રૂ.૨૪૪૩.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. જે પૈકી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરને રૂ.૫૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

જે અન્વયે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૦૪ પરના તા:૩૦/૦૬/૨૦૨૧ના પત્રથી પત્ર સાથેના એકશન પ્લાનમાં જણાવ્યા મુજબની યોજનાઓને મંજૂરી આપવા તેમજ વંચાણે લીધેલ ક્રમ-૦૫ પરના તા.૧૮-૦૨-૨૦૨૨ના પત્રમાં જણાવ્યા મુજબની લાભાર્થીઓની પાત્રતા/યોગ્યતા રાખવા દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ:-**

૧. પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૧-૨૨માં ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરની નીચે મુજબની યોજનાઓને કોષ્ઠકની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | યોજનાનું નામ | વિગત | | યુનિટ | રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | નાના ધંધા/ વ્યવસાય ધિરાણ યોજના | હેતું | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તો માટે નાના ઉદ્યોગ/ધંધાની જરુરિયાતો પુરી કરવા અને સ્વરોજગારી ઉભી કરવા માટે | ૯૦ | ૮૫.૫૦ |
| | | ધિરાણની રકમ | રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદ્દત | ૬૦ માસ (૫ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૯૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ ૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | જામીનદાર | એક જામીનદાર | | |
| ૨ | પશુપાલન ધિરાણ યોજના | હેતું | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તો માટે દૂધાળા પશુઓ ખરીદવા માટે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૯૦ | ૮૫.૫૦ |
| | | ધિરાણની રકમ | રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદ્દત | ૬૦ માસ (૫ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૯૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ ૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | જામીનદાર | એક જામીનદાર | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | પેસેન્જર ઓટો રીક્ષા/ લોડીંગ રીક્ષા | હેતું | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તિઓ માટે પરિવહન ક્ષેત્રે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૪૦ | ૭૬.૦૦ |
| | | ધિરાણની રકમ | રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદ્દત | ૬૦ માસ (૫ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૧,૯૦,૦૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ. ૧૦,૦૦૦/-) | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| ૪ | પેસેન્જર વાન / કેરીયર વાન | હેતું | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તિઓ માટે પરિવહન ક્ષેત્રે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૨૦ | ૯૫.૦૦ |
| | | ધિરાણની રકમ | રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદ્દત | ૬૦ માસ થી ૮૪ માસ(૫ થી ૭ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૪,૭૫,૦૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ. ૨૫,૦૦૦/-) | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| ૫ | મોબાઈલ ફૂડ કોર્ટ/ પરિવહન વાહન | હેતું | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તિઓ માટે ખાણી-પીણી ક્ષેત્રે ધિરાણ પુરુ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૧૦ | ૫૭.૦૦ |
| | | ધિરાણની રકમ | રૂ. ૬,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદ્દત | ૬૦ માસ થી ૮૪ માસ (૫ થી ૭ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ. ૫,૭૦,૦૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ. ૩૦,૦૦૦/-) | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| ૬ | ઉચ્ચ અભ્યાસ માટે ધિરાણ | હેતું | ઉચ્ચ અભ્યાસ માટે ધિરાણ પુરુ પાડવુ | ૩૮ | ૯૫.૦૦ |
| | | ધિરાણની રકમ | રૂ. ૨,૫૦,૦૦૦/- વાર્ષિક | | |
| | | વ્યાજનો દર | ૩% | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | મુદ્દત | ૬૦ માસ થી ૯૬ માસ(૫ થી ૮ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૧૦૦% | | |
| | | લાભાર્થી ફાળો | - | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| ૭ | જન જાગૃતિ કેમ્પ | હેતુ | નિગમ દ્વારા ચાલતી યોજનાઓ માટે માહિતગાર કરવા. સામાજિક બદીઓ, શિક્ષણ, સ્વચ્છતા, વ્યસન-મુક્તિ વગેરે બાબતે અંત્યોદય સમાજમાં બહોળા પ્રમાણમાં જન જાગૃતિ કેળવવા વિવિધ કેમ્પનું આયોજન કરવું. | ૧૨ | ૬.૦૦ |
| | | | કુલ | ૩૦૦ | ૫૦૦.૦૦ |

1. શૈક્ષણિક હેતુઓ માટે નિગમોએ રાજ્ય સરકારને ચૂકવવાના થતા વ્યાજના દર ૧.૫% અને અન્ય હેતુઓ માટે વ્યાજનો દર ૪% રહેશે.
2. નિગમોએ લાભાર્થી પાસેથી NSFDCના નિયત થયેલ દરે વ્યાજ લેવાનું રહેશે તેમજ NSFDCની શરતો મુજબ ધિરાણ કરવાનું રહેશે. સફાઇ કામદાર વિકાસ નિગમ માટે ઉકત શરતો NSKFDC દ્વારા નક્કી કર્યા મુજબ રહેશે.
3. પરત ચૂકવણીનો સમયગાળો શૈક્ષણિક હેતુની લોન માટે ૧૦ વર્ષ અને અન્ય લોન માટે ૮ વર્ષનો રહેશે.
4. લાભાર્થી દ્વારા લોનની પરત ચૂકવણી સમયસર કરવામાં ન આવે તો ૨ % દંડનીય વ્યાજ વસુલ કરવાનું રહેશે.
5. લોનની રીકવરી માટે રીકવરી પદ્ધતિ અંગેનુ ડિજિટલ સોફ્ટવેર બનાવવાનું રહેશે.
6. લોનની ચૂકવણી માટેના હપ્તા લોન ફાળવણી તારીખથી અર્ધવાર્ષિક ધોરણે નકકી કરવાના રહેશે અને નિગમ દ્વારા ચૂકવણી જે તારીખે લેણી થતી હોય તે તારીખો ખાસ નિયત કરી દર્શાવવાની રહેશે.
7. નાણા વિભાગના તા.૧૮-૦૯-૨૦૧૯ના પરિપત્રની અન્ય સૂચનાઓનું તેમજ નાણા વિભાગના વખતો વખતની તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૨. **<u>યોજનાનો લાભ લેવા માટે અરજદાર નીચે જણાવેલ યોગ્યતા/પાત્રતા ધરાવતા હોવા જોઇએ:-</u>**

1. અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિના બેરોજગાર જોવા જોઈએ.(સફાઇ કામદાર અથવા તેના આશ્રિત ન હોય તેવા)
2. અરજદારના કુટુંબની વાર્ષિક આવક રૂા.૩.00 લાખથી વધુ હોવી જોઈએ નહી.
3. અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
4. ઉચ્ચ અભ્યાસ (શૈક્ષણિક ધિરાણ)ની યોજનામાં અરજદારની ઉમંર જાહેરાતની તારીખે ૧૫ વર્ષથી ઓછી નહી અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
5. અરજદારના કુટુંબના કોઇ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતા જોવા જોઈએ નહી.
6. અરજદાર કે તેમના કુટુંબના સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇપણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.
7. બી.પી.એલ./વિધવા/ત્યકતા/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.
8. વાહન ધિરાણ યોજના માટે અરજી કરનાર જાહેરાતની તારીખે જે તે વાહન ચલાવવાનું માન્ય લાયસન્સ ધારણ કરતા હોવા જોઈએ.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૧૪/૦૨/૨૦૨૨ની નોંધથી તેમજ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની તા.૨૧-૦૩-૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા. ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કર્મયોગી ભવન, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી - કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
9. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
10. પસંદગી ફાઇલ-૨૦૨૨.